Australian Government

COVID-19 VACCINATION

# COVID-19 રસીકરણ યોજના વિશે અદ્યતન સલાહ

૧૭ જૂન ૨૦૨૧

ઓસ્ટ્રેલિયાના તબીબી નિષ્ણાતો હવે ૬૦ વર્ષથી ઓછી વયના પુખ્ત લોકો માટે ફાઇઝર COVID-19 રસીની ભલામણ કરે છે. અગાઉની તબીબી સલાહ એ હતી કે, ફાઇઝર રસી ૫૦ વર્ષથી ઓછી વયના પુખ્ત લોકો માટે પસંદ કરવામાં આવી હતી.

આ અદ્યતન સલાહ નવા પુરાવાઓ પર આધારિત છે જે દર્શાવે છે કે, પહેલાં ધાર્યું હતું તેના કરતાં ૫૦-૫૯ વર્ષની ઉંમરના જૂથને ભાગ્યે થતી લોહી ગંઠાવાની તકલીફનું જોખમ વધુ છે. આ સ્થિતિને ત્રાક કણો (પ્લેટલેટ્સ)ના નીચા સ્તર (થ્રોમ્બોસાઇટોપેનિયા સિન્ડ્રોમ) સાથે લોહીના ગઠ્ઠા (થ્રોમ્બોસિસ) અથવા ટીટીએસ કહેવામાં આવે છે.

એસ્ટ્રાઝેનેકા રસી ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવશે. ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો માટે રસીકરણના ફાયદા ટીટીએસના જોખમો કરતાં વધારે છે.

COVID-19થી ગંભીર બીમારી અથવા મૃત્યુ થતાં રોકવા માટે રસી લેવી એ હજુ પણ સૌથી મહત્વપૂર્ણ માર્ગ છે. વિશ્વભરના ઘણા લાખ લોકોએ તેમની રસી સલામત રીતે લીધી છે.

જે લોકોએ કોઇ ગંભીર પ્રતિકૂળ અસરો વિના એસ્ટ્રાઝેનેકા COVID-19 રસીનો પ્રથમ ડોઝ લીધો છે તેમણે હજી પણ તેમનો બીજો ડોઝ લેવો જોઇએ. તેમાં ૬૦ વર્ષથી ઓછી વયના પુખ્ત લોકોનો સમાવેશ થાય છે.

તમારો બીજો ડોઝ લેવાથી તમને COVID-19થી ગંભીર રીતે બીમાર થવાની સામે શ્રેષ્ઠ રક્ષણ મળે છે. જો તમે તમારો પહેલો ડોઝ લઇ લીધો હોય તો, તમારે તમારા બીજા ડોઝ માટે તારીખ લઇ લેવી જોઇએ.

સરકારી રસીકરણ કેન્દ્રો કે જે પહેલેથી જ ફાઇઝર રસી આપે છે તે, ૫૦-૫૯ વર્ષના વયના લોકોને ફાઇઝર માટે સ્વીકારવાનું તરત જ શરૂ કરશે.

ઓસ્ટ્રેલિયાના લોકો વિશ્વાસ રાખી શકે છે કે, અમારા તબીબી નિષ્ણાતો અહિંથી અને વિદેશથી મળતા પુરાવા અને માહિતીઓની સમીક્ષા કરવાનું ચાલુ રાખશે. ભલામણ કરવામાં આવે છે કે, પાત્ર દરેક COVID-19 રસીકરણ કરાવવું જોઇએ.

તમારા રસીકરણની તારીખ લેવા **health.gov.au**ની મુલાકાત લો.

## વધુ માહિતી માટે

જો તમને COVID-19 રસીઓ વિશે પ્રશ્નો હોય તો, તમારા દાક્તર સાથે વાત કરો, **www.health.gov.au/covid19-vaccines-languages** પર જાઓ, અથવા રાષ્ટ્રીય કોરોનાવાયરસ સહાય સેવાને **૧૮૦૦ ૦૨૦ ૦૮૦** પર ફોન કરો. અનુવાદ અને દુભાષિયા સેવાઓ માટે **૧૩૧ ૪૫૦** પર ફોન કરો.